# અમી ઝરણું -૧

મિશન મંગલમ કાર્યક્રમ અંતર્ગત સ્વસહાય જૂથ જેમ તરસ્યાને એક બુંદ પણી "અમી" સમાન બની રહે છે, તેવીજ રીતે ખરા અર્થમાં સ્ત્રી સશક્તિકરણ અને ગરીબી તરફ ધકેલાતાં અને ગરીબ કુટુંબો માટે સાચા અર્થમાં "અમી" સમાન બનીને જીવતદાન આપાનાર  પુરાવા થઇ રહ્યા છે.

સ્ત્રી સશકિતકરણના અનેક પાસાઓ છે. એમાંનું એક પાસું છે સ્ત્રીને આર્થિક સધ્ધરતા આપવી.આ માટે ગુજરાત સરકારના મિશન મંગલમ કાર્યક્રમ દ્વારા મહિલા સ્વસહાય જૂથોને આર્થિક પ્રવૃતિમાં જોડીને આર્થિક રીતે સક્ષમ કરવાના  પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યનાં બનાસકાંઠા જીલ્લામાં સ્ત્રીઓનું શિક્ષણ, સ્ત્રી જન્મદર, સામાજીક રીત રીવાજો, અને સ્ત્રીઓ ની પરિસ્થિતિ જોઇએ તો તે ઘણો ચિંતાનો વિષય બની રહે છે. ૨૦૧૧ના વસ્તી ગણતરીના આંકડાઓ પ્રમાણે જોઇએ તો અહીં શિક્ષણનું પ્રમાણ ૬૬.૩૯% છે જેમાં પુરુષ શિક્ષણનું પ્રમાણ ૭૯.૪૫% છે જયારે સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ૫૨.૫૮% છે. સ્ત્રી જન્મદર ૧૦૦૦ એ ૯૩૬ છે. સ્ત્રીઓના સામાજીક દરજ્જાની વાત કરીએ તો ૨૦૧૧ના આંકડાઓ ૦-૬ વર્ષના બાળકોના જાતિવાર આંકડા જોઇએ તો કુલ ૪,૯૮,૭૯૦ બાળકો બતાવે છે વર્ષ ૨૦૦૧માં ૪,૬૮,૩૯૪  બાળકો હતા. કુલ ૪,૯૮,૭૯૦ બાળકોમાં ૨,૬૩,૯૫૩ પુરૂષ બાળકો અને ૨,૩૪,૮૩૭ સ્ત્રી બાળકો છે. આમ, ૨૦૧૧માં બાળ જાતિગત રેસીયો ૮૯૦ થાય છે જે ૨૦૦૧માં ૯૦૭ હતો. જે ૦-૬ વર્ષના બાળકોનું પ્રમાણ ૨૦૧૧માં ૧૬.૦૧% અને એ જ ૨૦૦૧માં ૧૮.૭૦% હતું.

(source: http://www.census2011.co.in/census/district/183-banaskantha.html)



ઉપરોકત પરિસ્થિતિઓમાં સ્ત્રી સશક્તિકરણ માટે સક્રિય પગલાં લેવા અનિવાર્ય બને છે જે સ્વસહાય જૂથ દ્વારા શરૂ કરવામાં આવી રહ્યા છે. જેના એક પ્રયાસરુપે બનાસકાંઠાના દાંતા તાલુકામાં અંબાજી ગામમાં સોલીડ લીકવીડ રિસોર્સ મેનેજમેન્ટ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે. સ્ત્રી સશક્તિકરણની આનુભુતિ કરાવા માટે ત્યાં કામ કરતી બહેનોની મેં પ્રત્યક્ષ મુલાકાત લીધી અને એમના સ્વમુખેથી જ એમના જીવન માં આવેલ બદલાવ (સશક્તિકરણ) વિષે જાણ્યું.

આ પ્રોજેકટની ટૂંકમાં વિગત કાંઇક આ પ્રમાણે છે. આ પ્રોજેકટમાં લીલા અને સુકા કચરાને ભેગો કરીને એમાંથી ખાતર બનાવામાં આવે છે અને પ્લાસ્ટિક ના કચરાને રીસાયકલિંગ માટે ઉપાયોગ કરાવો એવું આયોજન છે. આ માટે ગામની કુલ સાત સોસાયટીઓમાંથી લીલો અને સુકો કચરો અલગ અલગ લીલી બાસકેટ અને લાલ/ભુરી બાસ્કેટ એમ બે જુદી જુદી બાસ્કેટમાં બહેનો દ્વારા ઘરે ઘરે ફરીને ભેગો કરવામાં આવે છે. આ ભેગો કરેલો કચરો સોસાયટીમાંથી એક ટ્રેકટરમાં પ્રોજેકટ સાઇટ પર લાવવામાં આવે



છે. અહીં  ફરી એક વાર સુકા અને લીલા કચરામાંથી દૂધની થેલીઓ, પ્લાસ્ટીકના ડબ્બા વિ. બહેનો દ્વારા છુટા પાડવામાં આવે છે. આમ, લીલો અને સુકો કચરો જે ખાતર બનાવવામાં ઉપયોગી છે તેવા કચરાને તારવી લઇને ટ્રીટમેન્ટ બેડ પર મુકવામાં આવે છે અને એના પર પાણી છાંટીને દિવસો સુધી રાખવામાં આવે છે, ત્યારબાદ એને સુકવવામાં આવે છે, સુકાયાબાદ ચાળીને ખાતરરૂપે વેચવામાં આવે છે.

અહીં વાત સ્ત્રી સશકતીકરણની છે. આ પ્રોજેકટમાં કામ કરતી બહેનો સાથે  વાત કરી ત્યારે સમજાયું કે સ્ત્રીઓને પડતી મુશ્કેલીઓ અને મિશન મંગલમ કર્યક્રમ દ્વારા મહિલા સ્વસહાય જૂથો માટે એક પ્રયાસ માત્રથી સ્ત્રીઓને મળતો આત્મસંતોષ, આત્મસન્માન અને આત્મવિશ્વાસ શું અને કેવો હોય છે! એનો એહસાસ કરાવે તેવા થોડા અંશ આહીંયા મુક્યા છે. દરેક બહેનની વિશેષ વાત હતી.

સૌ પ્રથમ જે બહેનો સોસાયટીના કચરો ભેગો કરે છે તેમની વાત કરીએ. આ બહેનો પહેલેથી જ અહીં સફાઇ કામ કરતી હતી પરંતુ પ્રોજેકટની જરૂરિયાત પ્રમાણે કચરો જુદો-જુદો ભેગો કરવો વિ. બાબતો સમજવા માટે એમને તાલીમ આપવામાં આવી ત્યારે આસપાસનાં વિધ્નસંતોષી પરિબળો  એમને ઉશ્કેરતા કે આવી સંસ્થાઓ તો આવે ને જાય, કામ કરાવી લેશે પરંતુ પૈસા નહીં આપે!! બહેનોને આવો કડવો અનુભવ થયેલો પણ ખરો, આવી પરિસ્થિતિમાં મિશન મંગલમ કર્યક્રમના દાતાં તલુકાના ટીએલએમ શ્રી અંકિત ભાઇએ સક્રિય પ્રયાસ કરી પોતાની જવાબદારી લઈને બહેનોને પ્રોજેકટમાં જોડયા. ત્યાર બાદ બીજી બહેનોની જરૂર પડી ભેગો કરેલ કચરામાંથી વધુ વિગતથી કચરો છુટો કરવાના કામ માટે. આ કામમાં જોડાવા માટે બહેનો બિલકુલ તૈયાર ન હતી, અનેક વાર સમજાવ્યા બાદ શ્રી અંકિતભાઇએ એવી બહેનોનો સંપર્ક કર્યો જેમને નાણાંની ખુબ જ જરૂરિયાત હતી અને કામ મળતું ન હતું. સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા અને જાતિભેદના કારણે અમુક કામ થાય અને અમુક ન થાય અવી માન્યતા પ્રવર્તી રહી હતી એવી પરિસ્થિતિમાં આવી બહેનોને સમજાવી કે “સમાજ તામને બે ટંક ભોજન, કપડાં નહીં આપે એ તો જાતે જ કમાવું પડે અને એના માટે ઘર આંગણે કામ મળે છે, બહેનો સાથે જ કામ મળે છે તો શું કામ ન કરવું?” આવી રીતે સમજવી ને કામાં જોડયા. આ બહેનો રાવળ, વાલ્મિકી અને હરિજન સમાજના અતિગરીબ વર્ગની છે. આવી ૩૦ બહેનો આ પ્રોજેકટમાં જોડાઇ  છે. શરૂઆત કમને થઇ પરંતુ હવે એમની પરિસ્થિતિમાં આવેલ ફેર વિષે આજ બહેનોના શબ્દો કાંઇ નીચે પ્રમાણેના છે.



જુથના લીડર કહે છે કે તમામ બહેનો સ્વસ્થ અને હસતી જોવા મળે છે. બહેનો મનમાં એવા ભાવ સાથે કે “આપણું તો ખરૂ ને” અને “જે કમાયે તે આપણું” એવી ભાવના સાથે રોજ સવાર પડે ને કામ કરવા ઉત્સાહભેર પગલાં માંડે છે.

વ્યકિતગત બહેનોની વાત જાણીએ તો તારાબેન અમરતભાઇને ૯ મહિનાથી કોઇ આવકનું સાધન ન હતું. બાળકોમાં બે દિકરા અને એક દિકરી એમ મળીને કુલ પાંચ વ્યકતિઓનો પરિવાર છે. ઘરમાં જ સાવરણીઓ બનાવતા પરંતુ જરૂરિયાત પુરતાં પણ પૈસા ન મળતા. પતિ અને પત્નિ બન્ને અહીં કામમાં જોડાયા. તારાબેનના પતિને ટ્રેકટર ચલાવતા આવડતું હોવથી તે ટ્રેકટર પર કચરો ભેગો કરવા જાય છે અને પોતે કચરો છુટો પાડવામાં જોડાયા છે. બંન્ને રોજ સાથે નીકળી કામ પર આવે છે. ખુશી-ખુશી કામ કરી ઘરે જઇ બાળકો સાથે મળીને બે ટંકનું ભોજન કરે છે, બાળકોને પુરતાં કપડાં લાવી આપે છે. તારાબેનના શબ્દોમાં "પહેલાં પુરતું શાક પણ નહોતું મળતું !! હવે પુરતું શાક અને દૂધ લાવીએ છીએ."



વ્યકિતગત બહેનોની વાત જાણીએ તો તારાબેન અમરતભાઇને ૯ મહિનાથી કોઇ આવકનું સાધન ન હતું. બાળકોમાં બે દિકરા અને એક દિકરી એમ મળીને કુલ પાંચ વ્યકતિઓનો પરિવાર છે. ઘરમાં જ સાવરણીઓ બનાવતા પરંતુ જરૂરિયાત પુરતાં પણ પૈસા ન મળતા. પતિ અને પત્નિ બન્ને અહીં કામમાં જોડાયા. તારાબેનના પતિને ટ્રેકટર ચલાવતા આવડતું હોવથી તે ટ્રેકટર પર કચરો ભેગો કરવા જાય છે અને પોતે કચરો છુટો પાડવામાં જોડાયા છે. બંન્ને રોજ સાથે નીકળી કામ પર આવે છે. ખુશી-ખુશી કામ કરી ઘરે જઇ બાળકો સાથે મળીને બે ટંકનું ભોજન કરે છે, બાળકોને પુરતાં કપડાં લાવી આપે છે. તારાબેનના શબ્દોમાં "પહેલાં પુરતું શાક પણ નહોતું મળતું !! હવે પુરતું શાક અને દૂધ લાવીએ છીએ."



રમીલાબેન રાવળ વિધવા છે. એમના બાળકો એક ૧૧th ધો. અને એક ૭th માં ધોરણમાં ભણે છે એમને પ્રાઇવેટ સ્કુલમાં ભણાવે છે.

મીનાબેન રમેશભાઇ રાઠોડના ઘરવાળાએ માર્શલ ગાડી લીધી છે. એના હપ્તા ભરવાના હોય વધુ આવકની જરૂરિયાત હતી જે મીનાબેનની કમાણીમાંથી પુરી થાય છે.

હંસાબેન દલપતભાઇ સોલંકીએ એમના ઘરમાં લાઇટ મીટર મુકાવ્યું, પલંગ લાવ્યા છે. કામ પર આવે છે ત્યારથી આનંદમાં રહે છે.



મનુબેન ઇશ્વરભાઇ પરમાર પોતાની કમાણી એમના મા-બાપને આપે છે. પોતાની કમાણીનો અડધો ભાગ બેન્કમાં જમા કરે છે અને અડધો ભાગ ઘરમાં આપે છે, આમ પગભર થવાની શરૂઆત કરી દીધી છે.

શાંતાબેન ભગાભાઇ રાવળને કાચું ઘર છે એમાં એમણે પતરાં નંખાવ્યા છે જેના હપ્તાં ભરવામાં પોતાની કમાણીનો ભાગ આવે છે, એમનાં દિકરાને પ્રાઇવેટ શાળામાં પાંચમાં ધોરણમાં ભણાવે છે.

સવિતાબેન દિનેશભાઇ રાવલને ત્રણ દિકરી અને બે દિકરા છે. એમનાં પતિએ ઓટોરીક્ષા લીધી છે જેના હપ્તા ભરવામાં દરરોજની ઓટોરીક્ષાની આવક ભરીદે છે જ્યારે સવિતાબેનની આવકથી ઘર ચાલે અને બાળકોને ભણાવે છે.



મંગુબેન રાવળ વિધવા બેન છે અને જુથમાં સૌ પ્રથમ જોડાયા છે. એમની વાત અનોખી છે. મંગુબાને ચાર દિકરીઓ અને એક દિકરો છે. ચારે દિકરીઓને પરણાવી દિધી છે અને દિકરો પણ પરણાવ્યો છે. દિકરાને પરણાવ્યો ત્યારે મંગુબા એક ઓરડી અને રસોઇ માટેની નાની જગ્યાવાળા ઘરમાં રહેતા હતાં. ઘરમાં વહુ આવતાં અને બાળકો થતાં ઘરમાં રહેવું મુશ્કેલ બન્યું. મંગુબા અન્ય ભાડાની ઓરડીમાં રહેવા લાગ્યાં. દિકરાની આવક એટલી નહોતી કે એની માંની ઓરડીનું ભાડું ભરી શકે. મંગુબાએ જાતે કામ કરીને પગભર થવાનું નક્કી કર્યું. પહેલાં એમની દિકરીઓ સાથે ઘરકામ કરીને ઘરનું પુરૂં કરતાં પછી દીકરીઓ પરણી જતાં મંગુબા જુથમાં જોડાયા પરંતુ એ શરતે કે એ ફકત છાણાં જ લાવશે અને અન્ય બહેનોથી જુદા બેસતા. સમય જતાં મંગુબા અન્ય સાથે બેસતા થયા છે, એમનાથી નાની ઉંમરની બહેનોને સલાહ પણ આપે છે. આ રીતે બહેનોમાં જ્ઞાતિભેદ દૂર થયો છે.

મંગુબા અહીં કામ પર આવતાં થયા પછી એમની રોંજીદી જરૂરીયાત પુરતો ખર્ચ તો નિકળે છે આ સાથે એમણે એક “મોબાઇલ ફોન” ખરીધ્યો છે!!. જુથની બહેનો કહે છે એમની દિકરીઓ સાથે વાત થાય એટલે ફોન લીધો છે અને મંગુબાનો જવાબ આંખ ખોલે એવો છે. મંગુબા કહે છે “બેન કમાઉ છું તો દિકરીઓ વાર તહેવાર આવે ત્યારે બે વસ્તું આપી શકું છું દિકરીઓને આવવા સ્થાન છે” એક માની પોતાના બાળકો પ્રત્યેની લાગણીઓ, માનસિક સંતોષ પણ આ જૂથમાં જોડાવાથી સંતોષાય છે.



પ્રોજેકટમાં કામ કરતી બહેનોના જુથનું હવે ફેડરેશન તરીકે રજીસ્ટ્રેશન કરાવાનું છે. આ ફેડરેશનની બહેનોના પ્રતિભાવો ફરી એકવાર પ્રસ્થાપિત કરે છે કે સાચી લગનથી અને અથાક પ્રયત્નો કરવામાં આવે તો એનું પરિણામ ઉત્ત્મ જ મળે. આ પ્રવ્રુતિ દ્વારા બહેનોનું ખરા અર્થમાં સશકિતકરણ થયું છે.

આમતો આ ફક્ત ત્રીસ બહેનો છે પરંતુ એમનું સશકિતકરણ થવાને કારણે ત્રીસ કુંટુંબનું જીવન સ્તર ઉંચું આવ્યું છે. જેમ તરસ્યાને એક બુંદ પણી પણ “અમી” સમાન બની રહે છે તેમ સ્વસહાય જૂથ સ્ત્રી સશક્તિકરણ અને ખરા અર્થમાં ગરીબી તરફ

ધકેલાતાં અને ગરીબ કુટુંબો માટે સાચા અર્થમાં “અમી” સમાન બનીને જીવતદાન આપાનાર  પુરાવા થઇ રહ્યા છે. આવા અનેક ઝરણાં ગુજરાતના જુદા જુદા વિસ્તારો માં બેહનોના આત્મસંતોષ, આત્મસન્માન અને આત્મવિશ્વાસથી નિર્વિઘ્ન વહી રહ્યા છે.


લેખન: ડો. શૈલા ત્રિવેદી
કોર ફેકલ્ટી: પ્લાટ સાયન્સ
એસ.આઇ.આર.ડી- અમદાવાદ